સ.મ.પ્રે.ગાં. (એચ) ૩૧૭—૬૦૦૦—૧૦—૧૯૭૯.

મૂળ અંગ્રેજી ઠરાવનો ગુજરાતી
અનુવાદ.

**૨૦ વર્ષની પેન્શનપાત્ર નોકરી પુરી કર્યા બાદ સરકારી કર્મચારીઓ દ્વારા સ્વૈચ્છિક નિવૃત્તિ.**

**ગુજરાત સરકાર**

**નાણા વિભાગ,**

ઠરાવ નં. એનવીએન/૧૦૭૮/૩૯૬/પ.

**સચિવાલય, ગાંધીનગર, તા. ૩જી ફેબ્રુઆરી, ૧૯૭૮.**

**વંચાણમાં લીધા :— (૧) નાણા વિભાગનો તા. ૮મી ઓકટોબર, ૧૯૭૦નો સ. ઠ. નં. એનવીએન/૧૦૯૦/૩૧૫૮/જે.**

**(૨) નાણા વિભાગનો તા. ૧૫મી માર્ચ, ૧૯૭૨નો સ. ઠ. નં. એનવીએન/૧૦૭૦/૧૦૩૪/જ.**

**(૩) નાણા વિભાગનો તા. ૧લી જૂન, ૧૯૭૬નો સ. ઠ. નં. એનવીએન/૧૦૭૬/૧૨૪૯/પ.**

## ઠરાવ

સરકારી કર્મચારીઓની સ્વૈચ્છિક નિવૃત્તિ માટેના હાલના હુકમો સુધારવાનો પ્રશ્ન સરકારની વિચારણા હેઠળ હતો. કાળજીપૂર્વકની વિચારણા બાદ, હવે ઠરાવવામાં આવે છે કે નાણા વિભાગના તા. ૮મી ઓકટોબર, ૧૯૭૦ના સ. ઠ. નં. એનવીએન/૧૦૭૦/૩૧૫૮/જ, નાણા વિભાગના તા. ૧૫મી માર્ચ, ૧૯૭૨ના સ. ઠ. નં. એનવીએન/૧૦૭૦/૧૦૩૪/જ અને ના. વિ.ના તા. ૧લી જૂન, ૧૯૭૬ના સ. ઠ. નં. એનવીએન/૧૦૭૦/૧૨૪૯/પમાં સમાવિષ્ટ હુકમો રદ કરીને તથા મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ-૨૫૪ તેમજ સુધારેલા પેન્શન નિયમો, ૧૯૫૦ના નિયમ—૮માં સમાવિષ્ટ જોગવાઈઓમાં છૂટછાટ મુકીને બધા સરકારી કર્મચારીઓ (વર્ગ—૪ના કર્મચારીઓ સહિત) ને ૨૦ વર્ષની પેન્શનપાત્ર સેવા પૂરી કર્યા બાદ નિમણૂક કરનાર સત્તાધિકારીને ૩ મહિનાની નોટિસ આપ્યા પછી નિવૃત્ત થવાનો વિકલ્પ રહેશે. આ યોજના હેઠળ સરકારી કર્મચારીઓની સ્વૈચ્છિક નિવૃત્તિને નીચેની શરતો વિનિયમિત કરે છે.

(૧) યોજના તદ્દન સ્વૈચ્છિક છે. શરૂઆત સરકારી કર્મચારીએ પોતે કરવાની રહેશે. સરકારને આ યોજના હેઠળ પોતાના અધિકારથી સરકારી કર્મચારીને નિવૃત્ત કરવાનો પારસ્પરિક અધિકાર નથી.

(૨) આ યોજના હેઠળ નિવૃત્ત થતા સરકારી કર્મચારીને "નિવૃત્તિ પેન્શન"નો લાભ મળવાપાત્ર થશે.

(૩) યોગ્ય કેસોમાં નિમણૂક કરનાર સત્તાધિકારીઓ ૩ મહિના કરતાં ટૂંકી નોટિસ નાણા વિભાગની સહમતીથી સ્વીકારી શકે.

(૪) સરકારી કર્મચારી ફરજ પર પાછા ફર્યા સિવાય "બીન-જમા રજા" પર હોય ત્યારે સ્વૈચ્છિક નિવૃત્તિની યોજના હેઠળ નિવૃત્ત થાય તો "બિન—જમા રજા" શરૂ થયાની તારીખથી નિવૃત્તિ અમલી બનશે અને આવી બિન-જમા રજાની બાબતમાં ચૂકવેલ રજા પગાર સુધારેલા રજા નિયમો, ૧૯૩૫ના નિયમ ૧૦ (ધ)માં જોગવાઈ કર્યા પ્રમાણે વસૂલ કરવામાં આવશે.

(૫) સરકારી કર્મચારી, આ યોજનાના સંદર્ભમાં સ્વૈચ્છિક નિવૃત્તિની નોટિસ આપે તે પહેલાં, રાજ્ય સરકારના બિન રાજપત્રિત કર્મચારીઓના કેસમાં પેન્શન મંજૂર કરનાર સત્તાધિકારી મારફત અને રાજપત્રિત અધિકારીના કેસમાં બારોબાર એકાઉન્ટન્ટ જનરલને પુછાણ કરીને પોતે ખાતરી કરી લેવી જોઈએ કે એણે હકીકતમાં, પેન્શન માટે પેન્શનપાત્ર નોકરીનાં ૨૦ વર્ષ પુરાં કર્યા છે.

(૬) સ્વૈચ્છિક નિવૃત્તિની નોટિસ નિમણૂક કરનાર સત્તાધિકારીની મંજરીથી જ પાછળથી પાછી ખેંચી શકાશે. શરત એ રહેશે કે પાછી ખેંચવાની વિનંતી નોટિસની મુદત પૂરી થયા પહેલાં કરવામાં આવશે.

Scanned with OKEN Scanner

(૭) નોટિસની મુદત પૂરી થયે નિવૃત્તિની તારીખ, સબંધિત સરકારી કર્મચારી મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ ૧૬૧ અથવા મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ ૨૫૪ અથવા સુધારેલા પેન્શન નિયમો, ૧૯૫૦ના નિયમ–૮ અન્વયે સ્વૈચ્છિક રીતે નિવૃત્ત થઈ શકયો હોત તે તારીખ કરતાં વહેલી હોય, તો ૨૦ વર્ષની પેન્શનપાત્ર નોકરી પૂરી થયા પછી સ્વૈચ્છિક નિવૃત્તિ અંગે આપેલી નોટિસ નિમણૂક કરનાર સત્તાધિકારીએ સ્વીકારવી જરૂરી બનશે.

(ક) જેમાં મોટી શિક્ષા કરવા માટે સબંધિત કર્મચારી સામે શિસ્ત અંગેની કાર્યવાહઓ નિકાલ-બાકી હોય અથવા વિચારવામાં આવી હોય અને શિસ્ત સત્તાધિકારી કેસના સંજોગોને ધ્યાનમાં રાખીને એવા મતના હોય કે નોકરીમાંથી રૂખસદ અથવા બરતરફીના શિક્ષા કરવાનું આ કેસમાં ઉચિત ગણાશે અથવા

(ખ) જેમાં સબંધિત સરકારી કર્મચારી સામે ફરિયાદ માંડવાનું વિચારવામાં આવ્યું હોય કે કાયદાની અદાલતમાં ફરિયાદ કરવામાં આવી હોય એ સિવાયના બધા કેસોમાં સામાન્ય રીતે આવી સ્વીકૃતિ આપી શકાય. આવા કેસોમાં પણ સ્વૈચ્છિક નિવૃત્તિની નોટિસ સ્વીકારવા વિચારાયું હોય, તો વર્ગ–૧ અને વર્ગ–૨ના અધિકારીઓની બાબતમાં વહીવટી વિભાગની તથા વર્ગ–૩ અને વર્ગ–૪ના સરકારી કર્મચારીઓની બાબતમાં ખાતાના વડાની મંજૂરી મેળવવી. સરકારી કર્મચારીએ આપેલી સ્વૈચ્છિક નિવૃત્તિની નોટિસ નિમણૂક કરનાર સત્તાધિકારીએ સ્વીકારવી જરૂરી હોય ત્યાં પણ સત્તા ધરાવતા અધિકારી નોટિસની મુદત પૂરી થતા અગાઉ વિરૂદ્ધ હુકમ બહાર પાડે એ સિવાય, નોટિસ આપનાર સરકારી કર્મચારી સ્વીકૃતિ માની શકે અને નોટિસના અર્થમાં નિવૃત્તિ અમલમાં આવશે.

(૮) આ યોજના હેઠળ સ્વૈચ્છિક રીતે નિવૃત્ત થતા સરકારી કર્મચારીને પ્રમાણસર પેન્શન આપતી વખતે એણે કરેલી ખરેખર પેન્શનપાત્ર નોકરીમાં વધારા તરીકે ૫ વર્ષ સુધીનો ખાસ લાભ (વેઈટેજ) આપી શકાય. આમ છતાં, ૫ વર્ષ સુધીનો આપવાનો ખાસ લાભ નીચેની શરતોને અધીન રહેશે :–

(ક) લાભ આપ્યા પછી કુલ પેન્શનપાત્ર નોકરી કોઈપણ સંજોગોમાં ૩૦ વર્ષની પેન્શનપાત્ર નોકરી કરતાં વધે નહીં અને

(ખ) મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ–૧૬૧ અન્વયે નિયત કરેલ સ્વૈચ્છિક નિવૃત્તિ માટે એને લાગુ પડતી ઓછામાં ઓછી વયે તે સ્વૈચ્છિક રીતે નિવૃત્ત થયો હોત તો એની પાસે થઈ હોત તે પેન્શનપાત્ર નોકરી કરતાં ખાસ લાભ આપ્યા પછીની કુલ પેન્શનપાત્ર નોકરી વધવી જોઈએ નહીં.

ઉદાહરણો :–

(ક) મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ–૧૬૧ના પેટા-નિયમ ૧(ક)ના ખંડ (કક) ના પેટા-ખંડ (૧) હેઠળ વહેલી નિવૃત્તિ મેળવી શકે અથવા એ જ નિયમના પેટા-ખંડ (૨) હેઠળ સ્વૈચ્છિક રીતે નિવૃત્તિ થઈ શકયો હોત તે સરકારી કર્મચારી ૪૭ વર્ષની વયે પહોંચ્યા પછી આ યોજના હેઠળ સ્વૈચ્છિક રીતે નિવૃત્તિ માંગતો હોય અને નોકરીના ૨૨ વર્ષ પુરાં કર્યા હોય તો ખાસ લાભ અને પેન્શન ૩ વર્ષ સુધી મર્યાદિત રહેશે.

(ખ) મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ–૧૬૧ના પેટા-નિયમ ૧(ક)ના ખંડ (કક)ના પેટા-ખંડ (૨)હેઠળ વહેલી નિવૃત્તિ મેળવી શકે અથવા એ જ નિયમના પેટા ખંડ (૨) હેઠળ સ્વૈચ્છિક રીતે નિવૃત્ત થઈ શકયો હોત તે સરકારી કર્મચારી ૫૧ વર્ષની વયે પહોંચ્યા પછી સ્વૈચ્છિક નિવૃત્તિ માંગતો હોય અને નોકરીનાં ૨૪ વર્ષ પૂરાં કર્યા હોય તો પેન્શનમાં મળવાપાત્ર ખાસ લાભ ૪ વર્ષ સુધીનો રહે.

(ગ) મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ–૨૫૪ અને સુધારેલા પેન્શન નિયમ, ૧૯૫૦ના નિયમ–૮ અન્વયે સ્વૈચ્છિક નિવૃત્ત થઈ શક્યો હોત તેવો વર્ગ–૩નો સરકારી કર્મચારી નોકરીનાં ૨૫ વર્ષ પુરાં કર્યા હોય અને ૪૮ વર્ષની વયે પહોંચ્યા પછી આ યોજના હેઠળ સ્વૈચ્છિક નિવૃત્તિ માંગતો હોય તો પેન્શનમાં મળવાપાત્ર ખાસ લાભ ૫ વર્ષ સુધીનો રહેશે.

(૯) આ યોજના હેઠળ આપેલ ખાસ લાભ પેન્શન અને ગ્રેજ્યુઈટીના હેતુ માટે યોગ્યતાપાત્ર નોકરી ઉપરાંત રહેશે. સ્વૈચ્છિક રીતે નિવૃત્ત થતા સરકારી કર્મચારીને, નિવૃત્તિની તારીખના સંદર્ભમાં અપી કાઢેલ ખરેખર મળતર પર આધારિત પેન્શન અને ગ્રેજ્યુઈટી ગણવાના હેતુ માટે કોઈપણ કાલ્પનિક પગાર-નિયત કરવા હકદાર બનાવશે નહીં.

(૧૦) ખાસ લાભ આપ્યા પછી આપવાની પેન્શનની રકમ મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ, ૧૮૮, ૧૮૯ અને ૧૮૯–કની જોગવાઈઓને અધીન રહેશે. પેન્શન આ નિયમોની જોગવાઈઓને પણ અધીન રહેશે

(૧૧) આ હુકમો હેઠળની સ્વૈચ્છિક નિવૃત્તિની યોજના સ્વાયત્ત સંસ્થાઓ, જાહેર ક્ષેત્રના ઉપક્રમો વગેરેમાં પ્રતિનિયુક્તિ પર ગયેલા સરકારી કર્મચારીઓ કે જેઓ આવી સંસ્થાઓમાં સમાઈ જવાનો આશય રાખતા હોય એમને લાગુ પડશે નહીં. જાહેર ઉપક્રમો, સ્વાયત્ત સંસ્થાઓ, વગેરે ખાતે પ્રતિનિયુક્તિ પરના સરકારી કર્મચારીઓને આવી સંસ્થાઓમાં સમાવવાની અને સરકારમાં એમની નોકરી અંગે એમને નિવૃત્તિ લાભ આપવાની બાબતને આ અંગે નાણા વિભાગે બહાર પાડેલી અલગ સૂચનાઓ લાગુ પાડવાનું ચાલુ રહેશે.

Scanned with OKEN Scanner

(૧૨) સ્વૈચ્છિક રીતે નિવૃત્તિની નોટિસ આપનો સરકારી કર્મચારી નોટિસની મુદત પૂરી થતા અગાઉ, એના ખાતે જમા લેણી રજા માટે અરજી પણ કરી શકે, જે નોટિસની મુદત સાથે સહવતી રીતે રહે એ રીતે એને આપી શકાય. આમ છતાં, રજાની મુદત, સરકારી કર્મચારી નિવૃત્તિની વયે પહોંચીને નિવૃત્ત થવો જોઈએ તે નિવૃત્તિની તારીખથી વધવી જોઈશે નહીં.

(૧૩) આ યોજના હેઠળ સ્વૈચ્છિક રીતે નિવૃત્ત થતા વર્ગ--૧ના અધિકારીઓ, અને નિવૃત્તિ વાણિજ્યક નોકરીને લગતા મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ--૩૩૨-ખ, માંની જોગવાઈઓને અધીન રહેવાનું ચાલુ રહેશે, આમ છતાં એમના કેસોમાં, મુંબઈ રાજ્ય સેવા નિયમોના નિયમ ૧૬૧ની જોગવાઈઓ હેઠળ નિવૃત્ત થતા બીજા સરકારી કર્મચારીઓના કેસ કરતાં નિવૃત્તિ બાદ વાણિજિયક નોકરી માટે પરવાનગી વધુ ઉદારતાથી આપવામાં આવશે.

૧. આ હુકમો બહાર પડયાની તારીખથી અમલમાં આવશે.

૨. મુંબઈ રાજ્ય સેવા નિયમો અને સુધારેલા પેન્શન નિયમોમાં જરૂરી સુધારાઓ યથાસમયે કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મ. ગો. શાહ,
સચિવ,
નાણા વિભાગ,
ગુજરાત સરકાર.

નકલ રવાના :—

*રાજ્યપાલશ્રીના સચિવ.
સચિવાલયના બધા વિભાગો.
મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવ.
બધા મંત્રીશ્રીઓના અંગત સચિવો.
બધા કલેકટર/બધા જિલ્લા વિકાસ અધિકારીઓ.
બધા તિજોરી અધિકારીઓ (બીજા બધાં ખાતાં).
કચેરીના વડાઓ.
*રજિસ્ટ્રાર, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
*સચિવ, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
*સચિવ, ગુજરાત રાજ્ય સેવા આયોગ, અમદાવાદ.
*સચિવ, ગુજરાત તકેદારી આયોગ, અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ.
સિનિયર નાયબ એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર/અમદાવાદ.
મુકામી ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગની બધી શાખાઓ.
"ક" વહેંચણી.

---

* પત્ર દ્વારા.

Scanned with OKEN Scanner